॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● શ્રાવણ વદ - ૧૩ ● તા. ૧૭-૦૮-૨૦૨૦ ● સોમવાર SDP NO: 121 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાતમી વાર દેશને સંબોધન કર્યું.. તેમના ભાષણના કેટલાંક મહત્વનાં અંશો...

૭૪ મો સ્વતંત્રતા દિવસ ના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પર ધ્વજ વંદન કર્યા બાદ દેશના નામ સંબોધન કર્યું હતું. વડાપ્રધાને દેશવાસીઓને આઝાદી દિનની શુભેચ્છા પાઠવી હતી.. મોદીએ સંબોધનમાં કહ્યું કે "સ્વતંત્રતા માટે લાખો દીકરા-દીકરીઓએ ત્યાગ અને બલિદાન આપ્યું છે. સ્વતંત્રતાનો તહેવાર નવા સંકલ્પો માટે ઉર્જા ઉત્પન્ન કરનારો છે."

ઉત્પાદન થતું ન હતું, પણ હવે થઈ રહ્યું છે. સ્વતંત્રત ભારતની માનસિકતા 'વોકલ ફોર લોકલ' હોવી જોઈએ. જેમ જેમ સ્વદેશી વસ્તુઓ વાપરીશું તેમ તેમ દેશ તરક્કી કરશે.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં 'ચીન'નું નામ લીધા વગર પ્રહાર કરતા કહ્યું કે, "વિસ્તારવાદના વિચારે ભારતને દબાવવાના ઘણા પ્રયત્નો કર્યા પરંતુ સફળ ન થયા. વિસ્તારવાદના વિચારે ફક્ત કેટલાક દેશોને ગુલામ બનાવીને છોડી દીધા છે એવું નથી. ભીષણ યુદ્ધોની ભયાનકતા વચ્ચે પણ ભારતે સ્વતંત્રતાની જંગમાં જરા પણ કચાસ કે નરમાશ નથી આવવા દીધી.."

મોદીએ કોરોનાની રસી મામલે કહ્યું કે, "ભારતના વિજ્ઞાનીઓ દિવસરાત એક કરીને કોરોનાની રસી શોધવા માટેની કામગીરી કરી રહ્યા છે. ભારતમાં કોરોનાની ત્રણ કંપનીઓ અલગ - અલગ વેક્સીન પર કામ કરી રહી છે. આ રશી શોધાયા બાદ દરેક ભારતીય સુધી રસી ઝડપથી પહોંચાડવી તે સરકારનો ધ્યેય છે. જાણી ને નવાઈ લાગશે પણ સરકારે આની તમામ પૂર્વતૈયારી ઓ પણ કરી રાખી છે. આજે ભારતમાં કોરોનાની એક નહીં, બે નહીં, ત્રણ-ત્રણ રસીઓ ટેસ્ટિંગના તબક્કામાં છે. વિજ્ઞાનીઓ તરફથી પુષ્ટી મળે પછી રસીનું મોટાપાયા પર ઉત્પાદન કરવાની પૂર્ણ તૈયારી છે." એમ પણ મોદીએ કહ્યું હતું..

દેશના દરેક હેલ્થ આઈડી આપવામાં આવશે. તમારા દરેક ટેસ્ટ, દરેક બીમારી, તમને કયા ડૉકટરે કંઇ દવા આપી, કયારે આપી, તમારા રિપોર્ટસ શું હતા તે અંગેની તમામ માહિતી આ એક હેલ્થ આઇડીમાં સામેલ હશે. આ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન. ભારતના હેલ્થ સેકટરમાં નવી ક્રાંતિ લઇને આવશે.

પાકિસ્તાન અને ચીનનું નામ લીધા વગર મોદીએ કહ્યું કે, LOC થી લઇ LAC સુધી દેશની સંપ્રભુતા પર જે કોઈ પણ દેશે આંખ ઉઠાવી છે તેમને ભારતીય સેનાએ તેમની જ ભાષામાં જવાબ આપ્યો છે. ભારતની સંપ્રભુતાનું સમ્માન જાળવવું તે આપણા માટે સર્વોચ્ચ છે. ભારત શું કરી શકવા માટે સક્ષમ છે તે સમગ્ર દુનિયાએ 'લદ્દાખ'માં જે થયું તેના પરથી જોઈ લીધું છે..

ભારત જેવા દેશે આત્મનિર્ભર બનાવાની જરૂર છે. આત્મનિર્ભરની પહેલી પ્રાથમિકતા કૃષિ અને ખેડૂત છે. ખેડૂતોને તમામ બંધનોમાંથી મુક્ત કરવાનું કામ કર્યું છે. હવે દેશનો ખેડૂત દુનિયાના કોઈ પણ ખૂણામાં તેની શરતો સાથે પાકને વેચી શકે છે. છેલ્લા થોડા સમયમાં ભારત સરકારે એક લાખ કરોડ રૂપિયા એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ફાળવ્યા છે.

સાયકલ યાત્રા સહ વૃક્ષા રોપણ નું પ્રેરણારૂપ કાર્ય

Ocean કાઉંસિલ - MMR રીજીયન ના શ્રી કચ્છ કડવા પાટિદાર યુવાસંઘ (નાસિક-નગર વિભાગ) યેવલા યુવામંડળ ના કૃષી/પર્યાવરણ કમીટી ના નેજા હેઠળ શનિવાર તા ૧૫/૮/૨૦૨૦ નાં સ્વતંત્રતા દિવસ ઉપલક્ષે યેવલા થી ખુલતાબાદ રીટર્ન ૧૦૦ ૧૦૦ કી.મી સાયકલ યાત્રા સહ વૃક્ષારોપણ નું આયોજન કરેલ હતું. જેમા યેવલા યુવામંડળ અને યેવલા સાયક્લીસ્ટ ફાઉંડેશન ના સભ્યો ઉત્સાહ થી જોડાયેલ હતા.

Misson Green India

કચ્છ માં પાણી જ પાણી... રણ બન્યું સરોવર.. મોસમ નો ૧૫૦ % વરસાદ નોંધાયો

-કા. વા. રામાણી

કચ્છ તે કોધરત મેરબાન કરછ પંથક માં પાણી પાણી...

- ગાંધીધામમાં ૨ કલાકમાં સવા બે ઇંચ વરસાદ.

- મુન્દ્રમાં ૨ કલાકમાં બે ઇંચ વરસાદ.

- માંડવી-કચ્છ માં સીઝન નો કુલ્લ વરસાદ ૪૦ ઈંચ ને પાર, ફીફટી મારવા મેઘરાજા ની અવિરત પારી ચાલુ.

- મદનપુરા-કોડાય માં પાંચ કલાક માં સવા ઇંચ વરસાદ.

- માંડવી તાલુકાના ગઢશીશા પંથકમાં ધોધમાર વરસાદ.

- વેરસલપર મા ગઈકાલે એક ધારો જોરદાર વરસાદ રહ્યો. લાગે છે હવે ઇંચમાં નહીં પણ ફૂટ મા ગણતરી કરવી પડશે.

- વેસલપર પંથકમાં સારા વરસાદ ના સમાચાર મલી રહ્યા છે..

- રતનાપર માં ગઈકાલે સવાર થી સાંજ સુધી વરસાદ ચાલુ રહ્યો હતો.

- કોટડા, ઉખેડા, રસલીયા પંથકમાં સવારના પરોઢે ૪:૦૩ કલાકે જોરદાર ઝાપટાં વરસ્યા હતાં....

- લાખણીયા, અને તેરા પાસેની નદીમાં ભારે પાણી ના કારણે રસ્તો થયો બંધ.

- આ વિસ્તાર માં રાત્રી થી ભારે વરસાદ પડી રહ્યો છે.

પાણી પાણી... કહી ખુશી કહી ગમ..

અબડાસા તાલુકાના ના મોથાળા બાલચોળ, નરેડી, રાતા તળાવ વિસ્તાર માં ફરી સાંબેલાધાર વરસાદ ચાલુ ગામ ના બને સાઈડ ની નદીઓ આવી જતા નલિયા અને નખત્રાણા વિસ્તાર ના અનેક વાહનો ફસાયા અમુક ગામો ના સમ્પર્ક તૂટ્યા...

નખત્રાણા તાલુકા ના જારજોક ભીટારા મા ૭ ઈંચ જેટલો ભારે વરસાદ કંકાવટી ડેમ ને મળતી નદી આવી જતા ગામ સાંજ સુધી સમ્પર્ક વિહોણું રહ્યું. આ વિસ્તાર નો વાહન વ્યવહાર બંધ રહ્યો.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૧૫.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૭૭:-

આપણા તિરંગા રાષ્ટ્ર ધ્વજ નાં અશોક ચક્રમાં કેટલી દાંડીઓ હોય છે...?

સાચો જવાબ : ૨૪ દાંડીઓ

સાચો જવાબ આપનાર વિજેતા : તુલસીદાસ રવજીભાઈ વાગડીયા-પૂના (મહારાષ્ટ્ર) 9822964641

ગઈકાલ તા.૧૬.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૭૮:-

શ્રી મોદીએ ગઈકાલે ૮૬ મિનિટ નું ભાષણ આપ્યું, આ તેમનું ત્રીજું લાંબુ ભાષણ હતું. તેમનું સૌથી લાંબુ સંબોધન ક્યાં વર્ષમાં અને કેટલી મિનિટનું હતું?

આજના પ્રશ્ન નંબર ૭૯ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

કચ્છ કડવા પાટીદાર મેડીકોઝ ટીમ દ્વારા સમાજ જોગ સંદેશ

કચ્છ કડવા પાટીદાર મેડીકોઝ ટીમ વતીઃ-
Dr. Pravin Limbani (MD, Physician), Bhuj.

આપણે સૌ જાણીએ છીએ તેમ કોરોના વાયરસ એક પ્રકારનો વાયરસ છે જે એક બીજાના સંપર્કમાં આવવાથી એકથી બીજી જગ્યાએ ફેલાય છે, તે આપણે આખી દુનિયામાં ખૂબ જોયું, વાંચ્યું અને સાંભળ્યું. શરદી, ઉધરસ, તાવ, ગળાનો દુખાવો, શ્વાસ ચડવો, સ્વાદ કે સુગંધ ન આવવી એ તેના મુખ્ય લક્ષણો છે. અત્યારે કોરોના વાયરસ વિશ્વની મહામારી બની ગયો છે અને હજી પણ આપણા દેશ સાથે વિશ્વમાં તેનો વ્યાપ ખૂબ જ વધી રહ્યોછે, ત્યારે આવા સમયે આપણે આપણું પોતાનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. અત્યારે જ્યારે lockdown ખુલી ગયું છે ત્યારે આપણે કામ વગર બહાર ના નીકળીએ અને નીકળવાનું થાય તો માસ્ક વગર તો નહીં જ.

કોરોના વાયરસથી બચવાના ઉપાયોઃ-

૧. સામાજિક દો ગજ કી દુરી, એજ એકમાત્ર આપણને બચાવી શકશે. હાલમાં ઘણા બધા તહેવારો આપણી હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે સમાજમાં આવશે. હાલમાં જ સાતમ - આઠમનો તહેવાર પૂર્ણ થયો, હજુ પણ ઘણા બધા આવશે ત્યારે અમારી મેડિકલ ટીમનો એક ગંભીરતાપૂર્વક નો આપ સૌ સમાજના નાગરિકોને ખાસ સંદેશ છે કે સરકાર ની ગાઈડ લાઈન પ્રમાણે આપણે તહેવારો ઉજવીએ. દેશ સાથે વિશ્વ પણ જ્યારે કોરોના વાયરસ સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે કોઈપણ તહેવારોમાં ટોળામાં ભેગા ન થઈએ, એજ આપણા સાથે આપણા કુટુંબ, આપણી સમાજ અને આપણા રાષ્ટ્રના હિતમાં છે.

૨. કોરોનાવાયરસ થી બચવા માટે આપણી રોગપ્રતિકારક શક્તિ વધારવી જરૂરી છે જેના માટે વ્યાયામ, પ્રાણાયામ, આહાર અને યોગ્ય પ્રમાણમાં નિંદ્રા જરૂરી છે. વ્યાયામ એ શરીર ની કસરત છે તેનાથી શરીર મજબૂત બને છે તો પ્રાણાયામ - ધ્યાન એ મનની કસરત છે તેનાથી મન મજબૂત બને છે જે જીવનને હતાશા, નિરાશા થી દૂર રાખે છે.

રોગ પ્રતિકારક શક્તિ વધારવા પૌષ્ટિક આહારની ખૂબ જરૂર છે સાથે સાથે વિટામીન સી ધરાવતા પદાર્થો નો ખૂબ ઉપયોગ કરવો પણ જરૂરી છે.

૩. કોરોના રોગના ખાસ કયા લક્ષણો છે ? કોરોના રોગથી સાવચેતી રાખવાની એટલા માટે જરૂર છે કે તેનો ચેપ લાગ્યા પછી શરૂઆતના એકાદ અઠવાડિયામાં તેના કોઈપણ લક્ષણો જણાતા નથી અને તેનાજ કારણે એ દરમ્યાન અંદર ઘણી બધી જગ્યાએ ફેલાઈ જાય છે. આ કારણેજ કોરોના આખા વિશ્વની મહામારી બની ગયો છે.

કોરોના વાયરસ ના મુખ્ય લક્ષણો જોઈએ તો શરદી થવી, ઉધરસ આવવી, તાવ આવવો, શ્વાસ ચડવો, સુગંધ કે સ્વાદ ન આવવો, શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવું.

આવા લક્ષણો ક્યારેક સામાન્ય વાયરસ માં પણ જોવા મળતા હોય છે. જેમ "પીળું એ બધું સોનું નહીં" તેમ આવા લક્ષણો ધરાવતા દર્દીઓ બધા સંક્રમિત હોય એ પણ જરુરી નથી, તેના માટે સ્પેશિયલ ટેસ્ટ જેવા કે covid ટેસ્ટ અને HRCT ટેસ્ટ કરવા જરૂરી છે.

કોરોનાવાયરસ ને આપણો દુશ્મન માની લઈએ તો દુશ્મન જેટલો જલ્દી ઓળખાય એટલો તેના ઉપર જલ્દી કાબૂ લાવી શકાય.

એકાદ અઠવાડિયું એ ઓળખાય નહીં તો આપણે તેના માટે શું કરી શકીએ તે હવે જોઈએઃ-

આપણે જોયું કે બહાર નીકળીએ ત્યારે અચૂક માસ્ક પહેરી એ, સામાજિક દૂરી બનાવી રાખીએ, હાથ વારંવાર સાબુથી સાફ કરીએ અને તેના સિવાય આપણે આપણી જાતને જ શક્તિશાળી બનાવી લઈએ એ સૌથી સરળ અને અકસીર રસ્તો છે.

આપણી શારીરિક તથા માનસિક મજબુતી થીજ આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે.

રોગ પ્રતિકારક શક્તિ શું છે? વધારવા શું કરવું જોઈએ?

રોગપ્રતિકારક શક્તિને આપણે બે ભાગમાં વહેંચી શકીએ.

૧) શારીરિક શક્તિ... ૨) માનસિક શક્તિ...

૧) શારીરિક શક્તિ વધારવા માટે વ્યાયામ એટલે કે કસરત અને પૌષ્ટિક આહાર બંનેની જરુર પડે છે. રોજ નિયમિત કસરત કરવી જોઈએ. કોઈ પણ રમતગમત અથવા દરરોજ અડધો કલાક ઝડપી ચાલુ જોઈએ તેનાથી શરીરના અવયવો જેવા કે હૃદય, મગજ, કીડની, ફેફસાં તથા સ્નાયુઓને ઓક્સિજન પૂરતો મળી રહે.

શારીરિક શક્તિ વધારવા માટે પૌષ્ટિક આહાર પણ જરૂરી છે. પૌષ્ટિક આહાર ની સાથે ખાસ કરીને વિટામિન સીનું પ્રમાણ વધુ હોવું જરૂરી છે જેનાથી ઈમ્યુનિટી વધે છે.

સંતરા, મોસંબી, લીંબુ, આંબળા, જામફળ, કીવી, સિમલા મિર્ચ, પપૈયા અને ટમેટા વિટામિન સીનું ઉત્તમ સોર્સ છે.

૨) રોગ પ્રતિકારક શક્તિ વધારવા શરીર સ્વસ્થ હોવું જરૂરી છે તેમ મન પણ સ્વસ્થ હોવું જરૂરી છે. મનને સશક્ત કરવા માટે પ્રાણાયામ અને ધ્યાન કરવું જરૂરી છે. જેમ વ્યાયામ શારીરિક કસરત છે તેમ પ્રાણાયામ એ ફેફસાની કસરત છે તેનાથી મન મજબૂત બને છે.

W.H.O. ની તંદુરસ્તી ની વ્યાખ્યા પ્રમાણે શરીર અને મન બન્ને તંદુરસ્ત હોવાં જરૂરી છે, ફક્ત શરીર સશક્ત હોય અને મન નબળું હોય તો પણ ન ચાલે અને મન સ્વસ્થ હોય પણ શરીર અશક્ત હોય તો પણ ના ચાલે, બંને સશક્ત હોવા જરૂરી છે.

અત્યારે આ ઝડપી યુગમાં વ્યાયામ અને પ્રાણાયામના અભાવના કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે એટલે એમ પણ કહી શકાય કે દુબળા ઢોર ને મચ્છર વધારે કરડે.

ખાસ આપણી સમાજના તમામ ભાઈઓ-બહેનોને પાટીદાર મેડિકલ ટીમ તરફથી નમ્ર વિનંતી છે કે પ્રાણાયામ અને વ્યાયામ ના કરતા હોઈએ તો શરૂ કરીએ અને પૌષ્ટિક આહાર ન લેતા હોઈએ તો સત્વરે શરૂ કરીએ. સરકારની ગાઈડ લાઈનને અનુસરીએ અને આપણે પોતાને, આપણા સમાજને અને આપણા રાષ્ટ્રને કોરોના મુક્ત રાખી રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવામાં સહભાગી બનીએ....

ધન્યવાદ ....

SUV સ્કુલ માં યોજાયો સ્વતંત્રતા દિવસ

૭૪ માં સ્વતંત્ર દિવસ ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૦ ના ભારતમાં ધ્વજવંદન અને રાષ્ટ્રગાન ના કાર્યક્રમમાં રામ જન્મ ભૂમિ ની પૂજા નું વૈવિધ્ય જોવા ન મળ્યું, પણ ઠેર ઠેર મર્યાદા પુરસોત્તમ રામ ની આ ભારત ભૂમિ ને કોરોના થી સુરક્ષિત કરવા ના પૂર્ણ અભિગમ સાથે ક્યાંક વરસાદ ના વાતાવરણ માં કે ક્યાંક ખુશનુમા વાતાવરણ માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી સોસીયલ ડિસ્ટન્સ સાથે કરવા માં આવી..

મોટા ભાગે આ કાર્યક્રમ માં વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા અને રાષ્ટ્રીય ઘટના થી વાકેફ કરી ને રાષ્ટ્રભાવના ઉજાગર કરવાનો પ્રયાસ થાય છે..

વિદ્યાર્થીઓ વિનાનું ધ્વજવંદન થોડું અજુગતું લાગ્યું.. કેમકે હજી શાળા અને કોલેજ ચાલુ થઈ નથી..

દક્ષિણ ગુજરાત ના સમર્થનમાં નિર્માણ થયેલ કેન્દ્રીય સમાજ નું ૨૧ મી સદી નું ઉચ્ચતર અભ્યાસ નું આધુનિક સંકુલ જે વડીલો ની દીર્ઘ દષ્ટિકોણ નું પરિણામ છે.. શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આ સંકુલ માં ૦૧ થી ૧૨ સુધી ના અંગ્રેજી માધ્યમ ના અભ્યાસ નું માળખું છે.

આઝાદી દિન ની ઉજવણી વરસાદી માહોલ વચ્ચે દક્ષિણ ગુજરાત ઝોન સમાજના પ્રમુખશ્રી દ્વારા ધ્વજ વંદન થી કરવામાં આવેલ. ટ્રસ્ટ ના મહા મંત્રી ની સાથે સીએમસી કમિટી ની પૂર્ણ ટિમ અને શિક્ષક ગણ ની ઉપસ્થિતિ માં રાષ્ટ્ર ગાન ગવાયું.

હાલ ના દક્ષિણ ગુજરાતના વરસાદી માહોલ માં ઠેર ઠેર પાણી ભરાયા અને ઉભરાયા હોવાની ઘટનાઓ બની છે, પ્રકૃતિ ની અનુપમ શોભા પણ સહુ ના મનોભાવ ને પ્રફુલ્લિત કરે છે.. આપણા આ પોતીકા કેમ્પસ ને જરૂર નિહાળવા નો લાભ મળ્યો.. આપ સહુ તસ્વીર અને સોસીયલ મીડિયા ના માધ્યમ થી જરૂર જોઈ શકશો કે એસ.યુ.વી. ઈન્ટરનેશનલ નોલેજ કાર્નિવલ ના સુંદર સંભારણા નું આ કેમ્પસ મનમોહક આકૃતિ સર્જી ને વિદ્યાર્થીઓ ની રાહ જુવે છે.. આગામી સમય માં કેટલાય ફેરફારો ની સાથે આ કેમ્પસ માં અનેક વૈવિધ્ય ધરાવતા અભ્યાસક્રમો નું આયોજન કરવાનું વિચારેલ છે, જે સમયબદ્ધ જાહેરાત કરવામાં આવશે..

કેન્દ્ર સરકાર દ્વારા હાલ માં જ જાહેર કરવામાં આવેલ શિક્ષણની નવી પદ્ધતિ નું મૂલ્યાંકન અને તેના થકી નવા જનરેશન ને અનેક કેવા કેળવણી ના લાભ થશે તેની પણ ચર્ચા કરવામાં આવી રહી છે.

સ્વતંત્રતા અભ્યાસ કરવાની પણ સરકારે ઘોષણા કરી અને એક સંસ્કૃતિ અને મૂળભૂત ખૂબીઓને વિકસવા ની નવી પદ્ધતિજે આવી રહી છે તે ભારત ને સાચેજ આત્મનિર્ભર બનાવશે એવો સહુ નો અભિગમ પણ રહ્યો..

શ્રીસમાજ નું આ કચ્છ બહાર ના શૈક્ષણીક સંકુલ ની આવી વિશેષતા સાથે નું ડેવલપમેન્ટ નું કાર્ય સતત ચાલુ છે..

પ્રિન્સિપાલ મેડમ મનીષા બેન દ્વારા સહુ નો આભાર વ્યક્ત કરવામાં આવેલ..

આ પ્રસંગે પારિજાત વૃક્ષ ના રોપાઓ નું વાવેતર કરવામાં આવેલ જે ગ્રીન ઇન્ડિયાના યુવાસંઘના મિશન ને સમર્થન આપવા નો નમ્ર પ્રયાસ થયો હતો.

આજની ચિંતન કણિકા

શિક્ષણના વિવિધ ઉદ્દેશો છે –

★ **મનુષ્યનિર્માણ**
- મનુષ્યનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ

★ **ચતુર્વિધ પુરુષાર્થની સમાજ**
- ધર્મ-અર્થ-કામ-મોક્ષનું સંતુલન

★ **જીવનમૂલ્યોનું જતન અને સંવર્ધન**
- મૂલ્યોના જતન-સંવર્ધન દ્વારા સમાજજીવન ઉન્નત બનાવવું

★ **સમાજના વિકાસ માટે માનવશક્તિનો સમુચિત ઉપયોગ**
- યંત્રશક્તિ અને માનવશક્તિનો વિવેકપૂર્ણ સમન્વય

★ **જીવમાત્ર પ્રત્યે સમ્યક દૃષ્ટિનો વિકાસ**
- आत्मवत् सर्वभूतेषु।

★ **સદ્‌ગુણોનો વિકાસ અને દોષોમાંથી મુક્તિ**
- सा विद्या या विमुक्तये।

★ **નરસેવા - નારાયણસેવા**
- માત્ર પૈસો નહીં પુણ્ય પણ અર્જિત કરવું

★ **ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વિત વિકાસ**

★ **ચારિત્ર્યનિર્માણ**
- જીવનને મૂલ્યો અને સદ્‌ગુણોથી અલંકૃત કરવું અને ઊર્ધ્વગામી બનાવવું.

આમ, સાક્ષરતા જ શિક્ષણનો ઉદ્દેશ ન હોઈ શકે...

જીવનની સાર્થકતા જ સાચા અર્થમાં શિક્ષણનો ઉદ્દેશ હોવો જોઈએ.

મિશન અભિમન્યુ

SUV International School.

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.

અવસાન સમાચાર

તા. ૧૫.૦૮.૨૦૨૦

સ્વ. ભીમજીભાઈ વાલજીભાઈ ચૌહાણ, ઉમર વર્ષ - ૮૨,
કચ્છમાં ગામ - ખોંભડી, હાલે - ગંગાવતી

સ્વ. ધનબાઈ કરસનભાઈ લીંબાણી, ઉમર વર્ષ - ૮૨,
કચ્છમાં ગામ - મથલ, હાલ - કરનૂલ (આન્ધ્ર પ્રદેશ).

સ્વઃ વાલજીભાઈ વિરજીભાઈ ભાદાણી, ઉમર વર્ષ ૮૯
કચ્છમાં - ગામ ઘડુલી, હાલે - આંબલીયાસન.

તા. ૧૬.૦૮.૨૦૨૦

સ્વ. કરમશીભાઈ વેલજીભાઈ ભાવાણી, ઉમર વર્ષ - ૯૩ ,
કચ્છમાં ગામ - મથલ, હાલે - ઉમેદપુરા કંપા તલોદ.